| | | | |
|---|---|---|---|
| આવ્યા તારીખ | ૨૦૨૩ | ૦૬ | ૦૧ |
| દાખલ તારીખ | ૨૦૨૩ | ૦૬ | ૦૧ |
| ફેસલ તારીખ | ૨૦૨૬ | ૦૫ | ૨૦ |
| સમયગાળો | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૨ | ૧૧ | ૧૯ |

सत्यमेव जयते

**અમદાવાદના મહે.૯ માં, એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ**
**ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કોર્ટ સમક્ષ (કોર્ટ નં.૩૧)**
**ક્રિમીનલ કેસ નં. ૫૧૭૭૪/૨૦૨૩**
**આંક– ૨૧**

(ફોર્મ–એ)

| | | |
|---|---|---|
| **ફરિયાદી** | **:–** | **માસ ફાયનાન્સીઅલ સર્વિસીસ લિમિટેડના ઓથોરાઈઝ પર્સન, દત્તાત્રેય શામભાઈ ચોરગે**<br>જેની રજીસ્ટર્ડ ઓફિસ ઠે.૬ ગ્રાઉન્ડ ફલોર, નારાયણ ચેમ્બર્સ, પતંગ હોટલની પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ–૩૮૦૦૦૯ |
| **ફરિયાદપક્ષ તરફે** | **:–** | વિ.વ.શ્રી. વી.કે.ઝાલા |
| | | **વિરૂધ્ધ** |
| **આરોપી** | **:–** | **Kanhaiya Lal**<br>at.Sihana. Chitorgarh,<br>Rajasthan–312206 |
| **આરોપી તરફે** | **:–** | વિ.વ.શ્રી ટી.ડી.પ્રજાપતિ |
| **ગુનો** | **:–** | **ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ–૨૦૦૭ ની કલમ–૨૫ મુજબની ફરિયાદ** |

## (ફોર્મ–બી)

| | | |
|---|---|---|
| ગુન્હાની તારીખ | :– | ૦૧/૦૬/૨૦૨૩ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ | :– | – |
| આખરી અહેવાલ / ફરિયાદ રજુ થયા તારીખ | :– | ૦૧/૦૬/૨૦૨૩ |
| પ્લી લીધા તારીખ | :– | ૦૧/૧૧/૨૦૨૫ |
| પુરાવા શરૂ કર્યા તારીખ | :– | ૦૧/૦૬/૨૦૨૩ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | :– | ૦૮/૦૫/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | :– | ૨૦/૦૫/૨૦૨૬ |
| આખરી હુકમ | :– | આરોપીને તકસીરવાન ઠરાવેલ છે અને રૂા. ૯૮,૬૪૨ /– વળતરનો હુકમ કરેલ છે. |

**:: આરોપીની વિગતો ::**

| | |
|---|---|
| આરોપી નંબર | ૧ |
| આરોપીનું નામ | **કન્હૈયા લાલ** |
| આક્ષેપાયેલ ગુનાની વિગત | ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ–૨૦૦૭ ની કલમ–૨૫ મુજબ |
| શું નિર્દોષ છોડયા / સજા કરી | સજા કરી |
| આપવામાં આવેલ સજા | ૦૧ વર્ષની સાદી કેદની સજા અને રૂા. ૯૮,૬૪૨ /– પુરાનો વળતર |
| ફો.કા.સં.કલમ–૪૨૮ અન્વયે ઈ.કા.ના સમયગાળા દરમ્યાન કરેલ અટકાયતનો સમયગાળો | – |

**સાક્ષીઓનો પુરાવો :–**

**(અ) ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવો:–**

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૦૧ | ૦૩ | શ્રી દત્તાત્રેય શામભાઈ ચોરગે તે માસ ફાયનાન્સીઅલ સર્વિસીસ લિમિટેડના ઓથોરાઈઝ પર્સન નું સરતપાસનું સોગંદનામુ | ફરિયાદી |

**(બ) આરોપીપક્ષ તરફે મૌખિક પુરાવો:– (જો હોય તો)**

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | – | – | – |

**(ક) અદાલતના સાક્ષી, જો હોય તો:–**

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | – | – | – |

**ફરિયાદપક્ષ / બચાવપક્ષ / અદાલતના દસ્તાવેજોના આંકની યાદી :–**

**(અ) ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવો:–**

| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| ૧ | ૦૯ | ઓથોરીટી લેટર |
| ૨ | ૧૦ | આરોપીએ લોન લેવા માટે કરેલ અરજી (કસ્ટમર કાર્ડ) |
| ૩ | ૧૧ | આરોપીએ લોન લેતી વખતે કરેલ એગ્રીમેન્ટ |
| ૪ | ૧૨ | મેન્ડેટ ફોર્મની નકલ |
| ૫ | ૧૩ | આરોપીના ખાતાનો ઉતારો |
| ૬ | ૧૪ | ઇ.સી.એસ.રીટર્ન મેમો |
| ૭ | ૧૫ | નોટીસની ઓફીસ કોપી |
| ૮ | ૧૬ | રજી.એડી.કર્યાનો પુરાવો |
| ૯ | ૧૭ | આરોપીને નોટીસ બજી ગયાનો પુરાવો |

**(બ) આરોપીપક્ષ તરફે દસ્તાવેજી પુરાવો:–**

| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**(ક) અદાલતના સાક્ષી, જો હોય તો:–**

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | – | – | – |

**(ડ) સામગ્રીની વસ્તુઓ:–**

| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|

| | | |
|---|---|---|
| – | – | – |

## **:: ઠરાવ ::**

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુકમાં હકિકત એ મુજબની છે કે, ફરિયાદી કંપની માસ ફાયનાન્સીઅલ સર્વિસીસ લિ. એ કંપની એકટ ૧૯૫૬ હેઠળ નોંધાયેલ કંપની છે. ફરિયાદી કંપનીએ સદર ફરિયાદ દાખલ કરવા માટે ફરિયાદીને સત્તા અને અધિકાર આપેલ છે અને ફરિયાદીએ ફરિયાદના દસ્તાવેજોની હકીકતથી માહિતગાર વ્યક્તિ છે. આ કામના આરોપીને **પર્સનલ લોનની** જરૂરિયાત હોય જેથી ફરિયાદી કંપનીમાંથી **રૂ.૧,૦૦,૦૦૦/-**ના ધીરાણ/નાણાંકીયની માંગણી કરેલી એને તે માટે ફરિયાદી કંપનીની જુદી જુદી શરતો અને નિયમોને અનુસરવાની બાંહેધરી રૂપે લોન એગ્રીમેન્ટ તથા અન્ય જરૂરી દસ્તાવેજો વાંચી સમજીને સહીઓ કરેલ છે ત્યારબાદ ફરિયાદી કંપનીએ આરોપીની માંગણી મુજબ ધીરાણ/નાણાકીય સુવીધાને ફરિયાદી કંપનીમાં **લોન એકાઉન્ટ નં.૨૮૪૦૯૮૫** થી મેઈન્ટેન કરવામાં આવેલ છે ત્યારબાદ આરોપી ફરિયાદી કંપનીના નાણાં વ્યાજ સાથે તથા બીજા અન્ય ખર્ચાઓ સાથે પૂર્ણ કરવા સંમત થયેલા અને આરોપીએ એન.એ.સી.એચ.નો વિકલ્પ પસંદ કરેલ અને તેના સંદર્ભમાં આરોપીએ **તા.૧૩/૧૦/૨૦૨૦** ના રોજ એક એન.એ.સી.એચનું ફોર્મ **કન્હૈયા લાલ** તરીકે સહી કરીને આપેલ અને જેમાં મહત્તમ રકમ **રૂ. ૧,૭૫,૦૦૦/-** દર્શાવેલ છે તે મુજબ લોન/ધીરાણના વ્યવહારના સંબંધમાં આરોપીએ તેમના બેંક **એકાઉન્ટ નં.૧૨૨૮૧૦૦૦૦૧૯૩૭** ફરિયાદી કંપનીને આપેલ અને તે મુજબ સદર રકમ ફરિયાદી કંપનીના ખાતામાં જમા કરવાનું નક્કી કરેલ તથા આ કામના આરોપીએ ફરિયાદીને જણાવેલ કે, પોતાના ખાતમાં પૂરતુ ભંડોળ નિભાવશે. આ કામના આરોપીએ લીધેલ લોનની કાયદેસરની રકમ **રૂ.૯૮,૬૪૨/-** ફરિયાદી કંપનીને ચુકવવાની થતી હતી જે આરોપીની સુચનાથી નેશનલ ઓટોમેટેડ કલીયરીગ હાઉસ મારફત **તા.૨૭/૦૩/૨૦૨૩** ના રોજ સદર સીસ્ટમમાંથી ફરિયાદી કંપનીના એકાઉન્ટમાં જમા કરાવતા તે **તા.૨૭/૦૩/૨૦૨૩** ના રોજ "**બેલેન્સ ઈનસફીસીયન્ટ**"

ના શેરાથી પરત આવેલ જે બાબતની સુચના ફરિયાદી કંપનીને **ટ્રાન્ઝેક્શન નં.૧૫૮૪૩૨૯૭૫** થી **તા.૨૭/૦૩/૨૦૨૩** ના રોજ ઈન્ડિયન બેંક મારફતે થયેલ, જેથી ફરિયાદીએ પોતાના વકીલ શ્રી મારફતે **તા.૧૯/૦૪/૨૦૨૩** ના રોજ લીગલ નોટીસ રજી.એડી. મારફતે આપતા જે **તા.૨૯/૦૪/૨૦૨૩** ના રોજ મળી ગયેલ છે તેમ છતાં નોટીસ મુજબનું કોઇ વર્તન કરેલ નથી કે કોઇ રકમ ચુકવેલ નથી કે નોટીસનો કોઇ જવાબ આપેલ નથી આથી આરોપીએ ફરિયાદી કંપનીની કાયદેસરની લેણી નિકળતી લોનની બાકી રકમ/મહત્તમ રકમ પેટે ફરિયાદી કંપનીની તરફેણમાં કરાવી આપેલ નેશનલ ઓટોમેટેડ ક્લીયરિંગ હાઉસ (એન.એ.સી.એચ) પરત કરાવડાવી ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એક્ટ ૨૦૦૭ની કલમ–૨૫ મુજબનું ગુનો કરેલ છે જેથી હાલની ફરિયાદ લાવી આરોપીને ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એક્ટ ૨૦૦૭ની કલમ ૨૫ મુજબ યોગ્ય નશીયત કરવા તથા ક્રિમિનલ પ્રોસિઝર કોડની કલમ ૩૫૭ મુજબ એન.એ.સી.એચના નાણાંની બમણી રકમનુ વળતર અપાવવા તથા બીજી યોગ્ય તે દાદ અપાવવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

**(૨)** ફરિયાદીએ ફરીયાદ દાખલ કરતાં વેરીફીકેશન લેવામાં આવેલ અને પ્રથમ દર્શનીય ગુન્હો હોય ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૪ મુજબ ફરિયાદ રજીસ્ટરે લેવામાં આવેલ અને આરોપી વિરુધ્ધ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એક્ટ ૨૦૦૭ની કલમ ૨૫ અન્વયે પ્રોસેશ ઈસ્યુ કરવામાં આવેલ, જેથી આરોપી તેમના વકીલશ્રી મારફત હાજર થતા ફરિયાદની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ **તા.૦૧/૧૧/૨૦૨૫**ના રોજથી પ્લી રેકર્ડ કરતા તેઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ જેથી ફરીયાદપક્ષનો પુરાવો રેકર્ડ લેવામાં આવેલ છે.

**(૩)** આ કામે આરોપીને ફરિયાદીની ઉલટ તપાસ કરવા માટે પૂરતી અન વ્યાજબી તક આપેલ હોવા છતાં આરોપીએ કે તેમના વિ.વશ્રીએ મુદત હાજર રહી ફરિયાદીની ઉલટ તપાસ કરેલ નથી જેથી ફરિયાદપક્ષે રજુ **આંકઃ૦૮** ની અરજી અન્વયે ફરિયાદીની ઉલટ

તપાસ કરવાનો હકક બંધ કરતો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ ઉપરોકત પુરાવાઓ સિવાય ફરિયાદપક્ષ તર્ફે અન્ય કોઈ પુરાવાઓ રજૂ કરવા માંગતા નથી તેવું **આંક – ૧૮** ની પુરસીસથી જાહેર કરેલ છે.

**(૪)** ત્યારબાદ ફરિયાદ પક્ષનો પુરાવો સંપુર્ણ થયા બાદ ''ફોજદારી કાર્યરિતિ સંહિતા'' ની કલમ ૩૧૩ અન્વયે તહોમતદારનું વિશેષ નિવેદન નોંધવા માટે કેસ રાખવામાં આવેલ. પરંતુ આ કામે આરોપીને એફ.એસ. નોંધાવવા માટે પૂરતી અને વ્યાજબી તક આપેલ હોવા છતાં મુદતે આરોપીએ કે તેમના વિ.વ.શ્રીએ હાજર થઈ એફ.એસ. નોંધાવેલ નથી. જેથી ફરિયાદપક્ષે રજુ અરજી અન્વયે **આંક– ૧૯** થી આરોપીનો એફ.એસ. નોંધાવવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૫)** હાલના કેસમાં પુરાવાનો સ્ટેજ સંપુર્ણ થયા બાદ સદર કામે બંને પક્ષની દલીલો ઉપર રાખવામાં આવેલ. આ કામે ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં દલીલ કરી જણાવેલ છે કે, ફરિયાદપક્ષ આ કામના આરોપી પાસેથી કાયદેસરનું લેણું પુરાવાઓ રજુ કરી નિ:શંકપણે સાબિત કરી શકેલ છે જેથી આરોપીને મહત્તમ સજા કરવા અને વળતર અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

**(૬)** આ કામે આરોપીપક્ષે તેમના બચાવમાં દલીલો કરવાની પૂરતી અને વ્યાજબી તક આપેલ હોવા છતાં તેઓ તરફે કોઈ દલીલ કરેલ નથી. જેથી ફરીયાદપક્ષે રજુ **આંક– ૨૦** ની અરજી અન્વયે આરોપીનો દલીલનો હકક અત્રેની અદાલત ધ્વારા બંધ કરવામાં આવેલ છે.

**(૭)** પક્ષકારો તર્ફે રજુ કરવામાં આવેલા પુરાવાઓ તથા બચાવો ધ્યાને લેતાં હાલના કેસનો આખરી ન્યાય નિર્ણય કરવા મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા છે

**–: મુદ્દાઓ :–**

**૧.** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરિયાદી કંપનીમાંથી મેળવેલ લોનની સુવિધાની ચુકવણી ઈ.સી.એસ./એન.એ.સી.એચ./એસ.આઈ માધ્યમ ધ્વારા ચુકવવા માટે વિકલ્પ પસંદ કરેલ અને તે મુજબ તેઓની બેંકને સૂચના આપેલ હતી. જેની બાકી લેણી રકમ માટે ફરિયાદીએ રજુ કરેલ રકમ **રૂ. ૯૮,૬૪૨/–** નું મેન્ડેન્ટ ફોર્મ સદર સિસ્ટમથી ફરિયાદી કંપનીએ તેઓની બેંકમાં જમા કરાવતાં ''**બેલેન્સ ઈનસફીશીયન્ટ**'' ના કારણે પરત થયેલ અને તે અંગે ફરિયાદીને જાણ થતાં ફરિયાદી ધ્વારા તે રકમની માંગણી કરતી નોટીસ આપેલ હતી. જે નોટીસ આરોપીને મળી ગયેલ હોવા છતાં લેણી રકમ ચુકવી આપેલ નહીં અને તેમ કરી આરોપીએ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ–૨૦૦૭ ની કલમ–૨૫ મુજબ શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

**૨.** શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– હકારમાં

મુદ્દા નં.૨ :– આખરી હુકમ મુજબ

**// નિર્ણય માટેના કારણો //**

**મુદ્દા નં. ૧:–**

(૯) અત્રે એ હકીકત નોંધવી જરૂરી છે કે, ''અધિનિયમ'' ની જોગવાઈઓ દેશમાં નાણાં ની ચુકવણીની પ્રણાલીઓને નિયમન કરવા અને તે પર દેખરેખ રાખવાના હેતુથી બનાવવામાં આવેલ છે. વધુમાં કાયદો ઘડવા માટેનો મુખ્ય ઉદ્દેશ દેશમાં થતી નાણાંકીય

ચુકવણીઓ પર દેખરેખનો છે અને તે બાબતો તકારારો માટે ભારતીય રિઝર્વ બેંકને ડેઝીગ્નેટેડ ઓથોરીટી તરીકે નિયુકત કરવામાં આવેલ છે. વધુમાં આ કાયદો ક્રેડીટ સંબંધી ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવાનો છે. ફરિયાદી ધ્વારા હાલની ફરિયાદ ''અધિનિયમ'' ની કલમ–૨૫ અન્વયે દાખલ કરેલ છે. ત્યારે આ તબકકે સદરહું જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

**SECTION 25** : Dishonour of electronic funds transfer for insufficiency, etc., of funds in the account

(1) Where an electronic funds transfer initiated by a person from an account maintained by him cannot be executed on the ground that the amount of money standing to the credit of that account is insufficient to honour the transfer instruction or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with a bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for a term which may extend to two years, or with fine which may extend to twice the amount of the electronic funds transfer, or with both :

Provided that nothing contained in this section shall apply unless -

(a) the electronic funds transfer was initiated for payment of any amount of money to another person for the discharge, in whole or in part, of any debt or other liability;

(b) the electronic funds transfer was initiated in accordance with the relevant procedural guidelines issued by the system provider;

(c) the beneficiary makes a demand for the payment of the said amount of money by giving a notice in writing to the person initiating the electronic funds transfer within thirty days of the

receipt of information by him from the bank concerned regarding the dishonour of the electronic funds transfer; and

(d) the person initiating the electronic funds transfer fails to make the payment of the said money to the beneficiary within fifteen days of the receipt of the said notice.

**(2) It shall be presumed, unless the contrary is proved, that the electronic funds transfer was initiated for the discharge, in whole or in part, of any debt or other liability.**

(3) It shall not be a defence in a prosecution for an offence under sub-section (1) that the person, who initiated the electronic funds transfer through an instruction, authorisation, order or agreement, did not have reason to believe at the time of such instruction, authorisation, order or agreement that the credit of his account is insufficient to effect the electronic funds transfer.

(4) The Court shall, in respect of every proceeding under this section, on production of a communication from the bank denoting the dishonour of electronic funds transfer, presume the fact of dishonour of such electronic funds transfer, unless and until such fact is disproved.

**(5) The provisions of Chapter XVII of the Negotiable Instruments Act, 1881 (26 of 1881) shall apply to the dishonour of electronic funds transfer to the extent the circumstances admit.**

**Explanation.-** For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability, as the case may be.

ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં કલમ–૨૫(૫) મુજબ ધી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એકટના પ્રકરણ–૧૭ ની જોગવાઈઓ રીટર્ન થયેલ

ઈલેકટ્રોનીકસ ફંડસ ટ્રાન્સફરને લાગુ પડશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. વધુમાં સદરહું કાયદાની કલમ–૨૫(૨) માં જયાં સુધી વિરૂધ્ધની હકીકત સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી ઈલેકટ્રોનીક ફંડસ ટ્રાન્સફર કોઈ કાયદેસરનું દેવું અથવા જવાબદારીની અદાયગી પેટે આપવામાં આવેલ હોવાનું અનુમાન કરવા જણાવેલ છે. સદરહું કાયદાકીય જોગવાઈ મુજબનું અનુમાન ધી નેગોશીએબલ ઈન્સટુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ કરવામાં આવતાં અનુમાન શબ્દશ: જોગવાઈ કરવામાં આવેલ છે.

**(૧૦)** એન.એ.સી.એચનો મેન્ડેટએ ચોકકસ બેન્કરને કરેલ હુકમ છે, વ્યકિતનુ ખાતુ જે બેન્કમાં હોય તે બેન્કને પોતાના ખાતા માંથી અમુક ચોકકસ રકમ ચોકકસ વ્યકિતને કે પોતાને ચુકવવાનો નિર્દેશ કરતો હુકમ છે. જયાં સુધી ચેક નકારવાનુ કોઈ કારણ ન હોય ત્યાં સુધી તેમણે ચેકની રકમની ચુકવણી કરવી પડે. કલમ:૩૧ પ્રમાણે જયાં સુધી ખાતામાં ચેકની રકમ જેટલુ બેલેન્સ હોય ત્યાં સુધી પેઈ બેન્કરે ચેકની ચુકવણી કરવી પડે. હાલના વર્તમાન યુગમાં નાણાંકીય વ્યવહારો રોકડ રકમના બદલે ચેકથી એટલે કે, નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટથી પક્ષકારોના એકબીજાના વિશ્વાસથી થતા હોય છે એટલે કોઈ પ્રકારના કાનૂની દેવાની ચુકવણી પેટે જયારે કોઈ વ્યકિત બીજી વ્યકિતનું ચેક જેવુ કિંમતી રોકડ રકમની અવેજીમાં ચલણ અથવા ઈન્સ્ટુમેન્ટ આપતી હોય ત્યારે તેની એ જવાબદારી છે કે, તે નાણાંની ચુકવણી થઈ જવી જોઈએ અને તે પ્રકારની તેણે કાળજી લેવી જોઈએ અને તેના ઉપરજ આવા નાણાંકીય વ્યવહારોનો વિશ્વાસ ટકી રહેલ છે. જો ચેક આપતી વખતે આવી કાળજીના અભાવે અથવા ઈરાદાપુર્વકની છેતરપીંડી કરવાના કારણે આવો વિશ્વાસ ભંગ થાય અને ચેક પાછો પડે તો નાણાંકીય વ્યવહારો ખોરવાઈ જાય અને આર્થીક તંત્ર જે વિશ્વાસના પાયા ઉપર ટકી રહેલ છે, તેમાં ગંભીર અસર ઉભી થાય. નાણાંકીય

વ્યવહારનો પ્રવાહ થંભી જાય છે છેવટે દેશના આર્થીક તંત્રને પણ અસર કરે છે. આમ તમામ સંજોગોને રોકવા માટે નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ થી ૧૪૭ તથા ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એક્ટની કલમ ૨૫ મુજબની જોગવાઈ કરેલ છે અને તે રીતે તે જ હેતુ લેજીસલેટરનો પણ છે.

**(૧૧)** આ તબકકે એ નોંધવુ આવશ્યક છે કે, આરોપી પક્ષએ ફરીયાદપક્ષની જેમ તેમનો બચાવ નિ:શંકપણે રજુ કરવો જરુરી નથી, સંભવિતતાના માપદંડ પર ફરીયાદપક્ષના પુરાવાથી અગર આરોપી પક્ષ જાતે સાહેદો ધ્વારા તેનો બચાવ પુરવાર કરવો જોઈએ અને અદાલતે તે લક્ષમાં લઈ ન્યાયીક ગુણદોષ પર નિર્ણય લેવાનો હોય છે. વધુમાં **નામ.સુપ્રિમ કોર્ટની લોઝ (એસ.સી.) ૨૦૧૦–૫–૧૯ ઉપર પ્રસિધ્ધ થયેલ રંગપ્પા વિ. મોહન**ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૯ મુજબ વિરૂધ્ધનુ અનુમાન સાબીત કરવાની જવાબદારી આરોપીની રહે છે અને ફરીયાદી દવારા રજુ રાખવામાં આવેલ પુરાવામાંથી તથા જરૂર પડયે આરોપી પોતાના પુરાવા રજુ રાખીને જો એવુ પુરવાર કરે કે, ચેકમા દર્શાવેલ રકમ મુજબનુ ફરીયાદીનુ કાયદેસરનુ લેણુ ન હતુ અથવા તો ફરીયાદી ચેકમા દર્શાવેલ રકમ કાયદેસર રીતે મેળવવા હકકદાર નથી તો ત્યાર બાદ તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદી પર શીફટ થાય છે.

**(૧૨)** આમ ઉપરોકત ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એક્ટની કલમ ૨૫ અંગેનું સૌપ્રથમ આવશ્યક તત્વ એ છે કે, ઈ.સી.એસ. મેનડેટ કાયદેસરના દેવા કે જવાબદારીની સંપુર્ણત: અથવા તો અંશત: ચુકવણી કરવા માટે જ આપવામાં આવ્યો હોવાનું અનુમાન કરવાનું રહે છે. સદર અનુમાન કાયદાકીય અનુમાન છે અને જે

''ખંડનાત્મક'' અનુમાન છે. ખંડનાત્મક પુરાવો રજુ કરવાનો સંપુર્ણ બોજો તહોમતદાર ઉપર રહે છે. સદર ખંડનાત્મક પુરાવો રજુ કરવા માટે કોઈ સીધો કે પ્રત્યક્ષ પુરાવો હોવો જ જોઈએ તેવું જરૂરી નથી. તહોમતદાર કેસના રેકર્ડ ઉપર એવા સંજોગોથી પ્રસ્થાપિત કરી શકે કે જેનાથી વાદગ્રસ્ત મેન્ડેટની કોઈ કાયદેસરના દેવા માટે આપ્યો જ ન હોવાની સંભાવના ઘણી જ પ્રબળ હોય તો તેનાથી પણ સદર અનુમાનનું ખંડન થયાનું ગણી શકાય છે.

**(૧૩)** ઉપરોકત કાયદાની જોગવાઈ પરિપૂર્ણ કરવા માટે જે મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે તે ધ્યાને લઈએ તો, ફરિયાદી તરફેથી તેમના કેસના સમર્થનમાં ફરિયાદીએ સરતપાસનુ સોગંદનામુ **આંક:૩** થી રજુ કરેલ છે જેમાં તેમની ફરિયાદ હકિકત મુજબની તમામ હકિકતો દોહરાવી ફરીયાદ હકિકતે સમર્થન કરતો મૌખિક પુરાવો રજુ કરેલ છે તેનુ અત્રે પુનરાવર્તન ટાળવા સારું વિશેષ ચર્ચા કરેલ નથી.

**(૧૪)** હાલના કેસમાં ફરીયાદીએ આંક : ૧ થી ફરીયાદ રજુ કરી છે. તેમાં જણાવેલી હકીકતોને ફરીયાદીએ **આંક : ૦૩** થી રજુ કરેલા પુરાવાના સોગંદ નામાથી સમર્થન આપ્યું છે. જે અન્વયે ફરિયાદીએ **આંક : ૦૯** થી અસલ ઓથોરિટી લેટર રજુ કરેલ છે. તેમજ **આંક–૧૦** થી આરોપીએ લોન લેવા માટે કરેલ કસ્ટમર કાર્ડ તેમજ **આંક–૧૧** થી લોન એગ્રીમેન્ટ તેમજ **આંક–૧૨** થી મેન્ડેટ ફોર્મ રજૂ કરેલ છે જે ઇ.સી.એસ. મેન્ડેટ ફોર્મ તહોમતદારે સહીં કરી ફરિયાદીને આપેલ હોવાની હકીકત જણાવી છે. વળી, તે તહોમતદારના હસ્તાક્ષરમાં ન હોવાની કે તેમાં તહોમતદારની સહી ન હોવા સંબંધ કોઈ બચાવ તહોમતદાર તર્ફે લેવામાં આવ્યો નથી. આમ, સદર વાદગ્રસ્ત મેન્ડેટ **આંક–૧૨** થી ફરીયાદી તર્ફે પુરવાર કરવામાં આવ્યો છે તેમજ તે પુરાવામાં ગ્રાહ્ય

છે. તેમજ **આંક–૧૩** થી આરોપીના ખાત્તાનો ઉત્તારો તથા **આંક–૧૪** થી ઇ.સી.એસ. રિટર્ન મેમો રજૂ કરેલ છે જે ઇ.સી.એસ. રીટર્ન મેમામાં '' **બેલેન્સ ઇનસફીસ્યન્ટ** '' ના કારણે પરત થયા અંગેના કારણ દર્શાવવામાં આવ્યા છે, આમ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૪૬ અન્વયે સદર દસ્તાવેજ મેન્ડેટ પરત થયાના કારણ દર્શાવવામાં આવ્યા હોય તે તમામ જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી પુરાવામાં ગ્રાહય છે અને તેમાં જણાવેલ કારણથી મેન્ડેટ પરત થયા અંગેનું જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી અનુમાન કરવાનું રહે છે અને **આંક–૧૫** થી વ.શ્રી મારફતે આપેલ નોટીસ ડિમાન્ડ નોટીસની અસલ રજુ કરવામાં આવી છે જેમાં ફરિયાદીના વિ.વકીલશ્રીની સહી છે અને સરતપાસમાં તેઓએ તે સહીંને ઓળખી બતાવી છે તથા **આંક–૧૬ અને ૧૭** થી સદરહું નોટીસ રજી.એડી.ની પહોંચ તથા નોટીસ બજી ગયાનો પુરાવો રજૂ કરેલ છે. આમ રજુ પુરાવો જોતા ફરીયાદ પક્ષ દ્રારા પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એક્ટની કલમ ૨૫ની જોગવાઈનું પાલન થયેલ છે. જેથી સદર કાયદાની કલમ ૨૫ મુજબ તથા ને.ઇ.એક્ટની કલમ ૧૩૯ મુજબના અનુમાનો ઉપર પહોંચવા યોગ્ય કેસ જણાય છે.વધુમાં બચાવપક્ષ તરફે તકરારી ઈ.સી.એસ. મેન્ડેટ તેમના ખાતાનો નહીં હોવા અંગેની કોઈ તકરાર નથી. તેમજ આ કામના તકરારી ઈ.સી.એસ.મેન્ડેટમાં આરોપીની સહીં હોવાની હકીકત સ્વીકૃત છે ત્યારે સમગ્ર પુરાવો વંચાણે લેતા ફરિયાદીએ ઇ.સી.એસ.મેન્ડેટનું એક્ઝીક્યુશન પુરવાર કરેલ છે.

**(૧૫)** હાલના કેસમાં ફરિયાદી ધ્વારા **આંક–૦૩** થી સોગંદ ઉપર જુબાની આપવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં ફરિયાદ મુજબની હકીકતો દોહરાવેલ છે. અત્રે એ બાબત પણ નોંધનીય બની જાય છે કે, આ કામે આરોપીને પોતાના બચાવમાં

ફરિયાદીની ઉલટ તપાસ કરવાની પૂરતી અને વ્યાજબી તક આપવામાં આવેલ હોવા છતાં, આ કામના આરોપી આગળ ઉપર ચર્ચા કરી તે મુજબ મુદતે કેસમાં હાજર રહેતા ન હોય કે તેઓ તરફે વિ.વ.શ્રી પણ હાજર રહી ફરિયાદીની ઉલટ તપાસ કરેલ ન હોય જેથી ફરિયાદપક્ષે ફરિયાદીની ઉલટતપાસ કરવાનો આરોપીનો હક્ક બંધ કરવા ફરિયાદપક્ષની અરજી અન્વયે આરોપીનો ફરિયાદીની ઉલટતપાસ કરવાનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ હોવાનુ રેકર્ડ જોતા સ્પષ્ટ જણાઈ આવે છે આ કામે ફરિયાદીની આરોપીપક્ષે ઉલટ તપાસ કરેલ ન હોઈ આરોપી ધ્વારા કોઈ પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી મુજબનો ખંડનાત્મક પુરાવો રજુ કરેલ નથી.

(૧૬) આ કામે ફરિયાદીએ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરી તકરારી ઈ.સી.એસ. મેન્ડેટની રકમનુ કાયદેસરનું લેણુ આરોપી બાકી પડતુ હતુ તે નિ:શંકપણે એટલે કે બિયોન્ડ રીઝનેબલ ઓલ ડાઉટ પુરવાર કરી શકેલ છે કે કેમ તે આ કોર્ટે જોવાનું રહે. આ કામે ફરિયાદ આંક-૧ ની હકીકત મુજબ ફરિયાદી કંપની માસ ફાયનાન્સીઅલ સર્વિસીસ લિ. એ કંપની એકટ ૧૯૫૬ હેઠળ નોંધાયેલ કંપની છે. ફરિયાદી કંપનીએ સદર ફરિયાદ દાખલ કરવા માટે ફરિયાદીને સત્તા અને અધિકાર આપેલ છે અને ફરિયાદીએ ફરિયાદના દસ્તાવેજોની હકીકતથી માહિતગાર વ્યક્તિ છે. આ કામના આરોપીને **પર્સનલ લોનની** જરૂરિયાત હોય જેથી ફરિયાદી કંપનીમાંથી **રૂ.૧,૦૦,૦૦૦/-**ના ધીરાણ/નાણાંકીયની માંગણી કરેલી એને તે માટે ફરિયાદી કંપનીની જુદી જુદી શરતો અને નિયમોને અનુસરવાની બાંહેધરી રૂપે લોન એગ્રીમેન્ટ તથા અન્ય જરૂરી દસ્તાવેજો વાંચી સમજીને સહીઓ કરેલ છે ત્યારબાદ ફરિયાદી કંપનીએ આરોપીની માંગણી મુજબ ધીરાણ/નાણાકીય સુવીધાને ફરિયાદી કંપનીમાં **લોન એકાઉન્ટ નં.૨૮૪૦૯૮૫** થી મેઈન્ટેન કરવામાં આવેલ છે ત્યારબાદ આરોપી ફરિયાદી કંપનીના નાણાં વ્યાજ સાથે તથા બીજા અન્ય ખર્ચાઓ સાથે પૂર્ણ

કરવા સંમત થયેલા અને આરોપીએ એન.એ.સી.એચ.નો વિકલ્પ પસંદ કરેલ અને તેના સંદર્ભમાં આરોપીએ **તા.૧૩/૧૦/૨૦૨૦** ના રોજ એક એન.એ.સી.એચનું ફોર્મ **કન્હૈયા લાલ** તરીકે સહી કરીને આપેલ અને જેમાં મહત્તમ રકમ **રૂ. ૧,૭૫,૦૦૦/–** દર્શાવેલ છે તે મુજબ લોન/ધીરાણના વ્યવહારના સંબંધમાં આરોપીએ તેમના બેંક **એકાઉન્ટ નં.૧૨૨૮૧૦૦૦૦૧૯૩૭** ફરિયાદી કંપનીને આપેલ અને તે મુજબ સદર રકમ ફરિયાદી કંપનીના ખાતામાં જમા કરવાનું નક્કી કરેલ તથા આ કામના આરોપીએ ફરિયાદીને જણાવેલ કે, પોતાના ખાતમાં પૂરતુ ભંડોળ નિભાવશે. આ કામના આરોપીએ લીધેલ લોનની કાયદેસરની રકમ **રૂ.૯૮,૬૪૨/–** ફરિયાદી કંપનીને ચુકવવાની થતી હતી જે આરોપીની સુચનાથી નેશનલ ઓટોમેટેડ કલીયરીગ હાઉસ મારફત **તા.૨૭/૦૩/૨૦૨૩** ના રોજ સદર સીસ્ટમમાંથી ફરિયાદી કંપનીના એકાઉન્ટમાં જમા કરાવતા તે **તા.૨૭/૦૩/૨૦૨૩** ના રોજ **"બેલેન્સ ઈનસફીસીયન્ટ"** ના શેરાથી પરત આવેલ જે બાબતની સુચના ફરિયાદી કંપનીને **ટ્રાન્ઝેક્શન નં.૧૫૮૪૩૨૯૭૫** થી **તા.૨૭/૦૩/૨૦૨૩** ના રોજ ઇન્ડિયન બેંક મારફતે થયેલ, જેથી ફરિયાદીએ પોતાના વકીલ શ્રી મારફતે **તા.૧૯/૦૪/૨૦૨૩** ના રોજ લીગલ નોટીસ રજી.એડી. મારફતે આપતા જે **તા.૨૯/૦૪/૨૦૨૩** ના રોજ મળી ગયેલ છે તેમ છતાં નોટીસ મુજબનું કોઈ વર્તન કરેલ નથી કે કોઈ રકમ ચુકવેલ નથી કે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી તેવો ફરીયાદપક્ષનો કેસ છે. આ કામે ઈ.સી.એસ. મેન્ડેટ વંચાણે લેવામાં આવે તો, તેમાં આરોપીની સહી નથી કે તેમની બેંકનો એકાઉન્ટનો ઈ.સી.એસ. મેન્ડેટ નથી તેવો કોઈ બચાવ આરોપીએ રેકર્ડ ઉપર લીધેલ નથી. આમ તકરારી ઈ.સી.એસ.મેન્ડેટ એકઝીકયુશન ફરીયાદપક્ષે પુરવાર કરવામાં આવેલ હોય જેથી ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એક્ટની કલમ ૨૫ અને ને.ઈ.એક્ટની કલમ ૧૩૯ ના અનુમાનો ફરીયાદીની તરફેણમાં કરવામાં આવેલ છે. આરોપીપક્ષે આ અનુમાનોનુ ખં ડન કરતો માની શકાય તેવો ખંડનાત્મક પુરાવો કેસના રેકર્ડ ઉપર રજુ કરી ફરીયાદી

તરફે કરવામાં આવેલ અનુમાનોનુ ખંડન કરી શકે છે. જેના માટે આરોપીએ વીટનેસ બોકસમાં આવવાની જરૂર નથી પરંતુ ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાઓમાં માત્ર શંકા ઉભી કરવાની રહે છે. આ કામે કેસનુ રેકર્ડ વંચાણે લેવામાં આવે તો, આરોપીપક્ષે ફરીયાદીની ઉલટ તપાસ કરવા પૂરતી અને વ્યાજબી તક આપેલ હોવા છતાં ઉલટ તપાસ કરેલ નથી અને અદાલત ધ્વારા આરોપીનો ફરીયાદીની ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. આ કામે આરોપીપક્ષે ફરીયાદવાળા વ્યવહાર તથા તકરારી ઇ.સી.એસ. મેન્ડેટ બાબતે કોઈ રીબર્ટલ બચાવ લીધેલ નથી. કારણ કે આરોપીપક્ષે સોગંદ ઉપર જુબાની આપેલ નથી, બચાવના કોઈ સાહેદને તપાસેલ નથી, કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી કે ફરીયાદીની ઉલટ તપાસ પણ કરેલ નથી. જેથી પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી મુજબ માની શકાય તેવો કોઈ ખંડનાત્મક પુરાવો ફરીયાદવાળા વ્યવહાર બાબતે રજુ કરવામાં આરોપીપક્ષ નિષ્ફળ રહેલ છે. વધુમાં, આ કામે આરોપીએ ફરીયાદ હકીકત મુજબનો વ્યવહાર સંબંધે શંકા ઉભી કરતો કોઈ પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી મુજબનો માની શકાય તેવો ખંડનાત્મક પુરાવો રજુ કરી શકેલ નથી. ફરીયાદીની કાયદેસરની લેણી રકમ **૩.૯૮,૬૪૨ /–** આરોપી પાસે લેવાની નીકળતી હતી તેવી ફરીયાદ સાથે ફરીયાદી કલીન હેન્ડ સાથે આવેલ છે. આનાથી વિરુધ્ધની હકીકતો રેકર્ડ ઉપર લાવી ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉભી કરવામાં આરોપીપક્ષ નિષ્ફળ રહેલ છે. આરોપીએ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરી ફરીયાદપક્ષના રજુ પુરાવાઓમાં શંકા ઉભી કરી શકેલ ન હોઈ જેથી ફરીયાદપક્ષે રજુ પુરાવાઓને આધારે તેમનો કેસ બીયોન્ડ રીઝનેબલ ઓલ ડાઉટ પુરવાર કરી શકેલ હોવાનુ આ અદાલતનુ માનવુ છે. આમ, આરોપીએ પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી મુજબનો પુરાવો રજુ કરી ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉભી કરેલ છે તેવુ માની

શકાયનહીં.વધુમા ફરિયાદી ધ્વારા સદરહું ઈલેકટ્રોનીક મેન્ડેન્ટની રકમની માંગણી કરતી નોટીસ કાયદાની કલમ–૨૫(૧) (સી) મુજબ આરોપીને તેમના ખરા અને સાચા સરનામે રજી.એ.ડી. પોસ્ટ ધ્વારા આપેલ છે જે નોટીસ **આંક– ૧૫** થી રજુ છે. આ નોટીસ વંચાણે લેતાં તેમાં હાલના કામના તકરારી ઇ.સી.એસ. મેન્ડેટનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. તથા ઇ.સી.એસ. મેન્ડેટ રીટર્ન થયાનુ અને તે ચેકની રકમની માં ગણીનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે.જે વંચાણેલેતાં ''મેન્ડેટ ફોર્મ'' રીટર્ન થયાના દિન–૩૦ માં આરોપી પાસે લેણી રકમની માંગણી કરવામાં આવેલ છે અને તેમ કરી ફરિયાદીએ કાયદાની કલમ–૨૫(૧)(સી)નું પાલન કરેલ છે. જે નોટીસ આરોપીને બજી ગયેલ છે, જે અંગેનો ટ્રેકિંગ રિપોર્ટ આંક– ૧૭ થી રજુ કરેલ છે. જે દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં આરોપીને નોટીસ મળ્યા બાદ માંગણાની રકમ દિન– ૧૫ માં ચુકવી આપેલ હોય તેવો કોઈ બચાવ હાલના કામે લેવામાં આવેલ નથી. જેથી આરોપી ધ્વારા કાયદાની કલમ–૨૫(૧)(ડી)ની જોગવાઈનું પાલન કરી દિન–૧૫ માં રકમ ચુકવી આપેલ નથી. આમ આ નોટીસનો આરોપીએ કોઈ જવાબ આપેલ નથી. વધુમાં નોટીસ આરોપીને બજેલ નથી કે તે નોટીસનો હકીકતો ખોટી છે તેવો પણ કોઈ બચાવ કેસના રેકર્ડ ઉપર આરોપીએ લીધેલ નથી જેથી નોટીસની હકીકતો પણ ફરીયાદપક્ષ નિ:શંક પણે પુરવાર કરી શકેલ છે. જે તમામ હકીકત ધ્યાને લેવામાં આવે તો હાલના કામે ફરિયાદી ધ્વારા કાયદામાં જણાવ્યા મુજબની આદેશાત્મક જોગવાઈઓનું પાલન કરી હાલની ફરિયાદ દાખલ કરેલ હોવાનું ફલિત થાય છે.

**(૧૭)** વધુમાં આ કામે આરોપીને તેઓની સામે હાલનો કેસ નામદાર કોર્ટ પેન્ડીંગ છે તે જાણમાં છે તેમ છતાં કેસ ની કાર્યવાહી માટે હાજર રહેલ નથી. ચેક રીટર્નના કેસોનો કોર્ટોમાં ખુબ જ ભરાવો છે. જો કેસ ના દરેક તબકકે આરોપીને પકડ વોરંટ ઈસ્યુ કરી હાજર

રખાવવા પ્રયત્નો કરવામાં આવે તો ચેક ના કેસોનો નિકાલ કરવાનુ કામ ખુબ જ મુશ્કેલ બની રહે. આરોપીને તેઓની સામે કેસ ની કાર્યવાહી કોર્ટમાં ચાલી રહેલ હોવાનુ જાણમાં છે તેમ છતાં હાજર ન રહી કેસ ની કાર્યવાહી વિલંબિત કરવાના ઈરાદાથી હાજર રહેલ ન હોવાનુ આરોપીના વર્તન ઉપરથી જણાઈ આવે છે. કાયદો જાગૃત વ્યકિતને મદદ કરે છે. આમ આરોપી તેઓની સામેના કેસમાં કોઈ બચાવ રજુ કરવા માગતા નથી તેવુ અનુમાન કરી શકાય. તેમજ આ કામે **Hon'ble Supreme Court in case, In Re: Expeditious Trial of cases under Section 138 of N.I.Act 1881, AIR 2021 SC 1957** નો ચુકાદો વંચાણે લેતા પણ કેસોની ઝડપી ટ્રાયલ ચલાવવા સંબંધે જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે તેને લક્ષમાં લેતા કેસની ન્યાયીક કાર્યવાહી વિના વિલંબે તથા ઝડપથી આગળ ચલાવવી જરૂરી જણાયેલ છે. વધુમાં, આરોપી તરફે એકટની કલમ-૧૪૫ (૨) મુજબની અરજી આપેલ નથી. તેમજ **નામદાર ગુજરાત હાઈકોર્ટે મનોજ વાસુદેવ સોમપુરા વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કામે સ્પે. ક્રિમીનલ એપ્લીકેશન નં.૬૭૨૧ /૨૦૨૩, તા.૧૫/૯/૨૩ ના રોજ** આપેલ ચુકાદો હાલના કેસના ગુણદોષ ઉપર નિર્ણય કરવા માટે મહત્વનો છે.જેના પેરા-૧૪ નીચે મુજબ રીપ્રોડયુસ કરેલ છે

14. Considering the facts and circumstances of the case, this Court is of the opinion that the trial Court was completely justified in passing the impugned judgment and order. The decision to not conduct cross-examination of the complainant in spite of repeated opportunities and to not remain present on the next date of trial when his Further Statement u/s. 313 of Cr.P.C. recorded on the earlier date was to be exhibited was a deliberate, intentional and conscious decision on the part of the petitioner. It was not that the petitioner was not aware about the stage of trial proceedings. However, deliberately, the petitioner had chosen to remain absent from the trial proceedings from the date his Further Statement u/s. 313 of Cr.P.C. was recorded but before it could be exhibited.

આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો લક્ષમાં લેતા આરોપીને જાણ હોવા છતાં અને પુરતી તકો આપવા છતાં ઈરાદાપુર્વક ગેરહાજર રહે તો

તેમના વિરુધ્ધ કેસનો ન્યાયિક નિર્ણય તેમની ગેરહાજરીમાં થઈ શકે. વધુમાં રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવાને આધારે આ કામના તોહમતદારે ફરિયાદી કંપની પાસેથી લીધેલ લોનની ચુકવણી કરવા માટે ઇ.સી.એસ. મેન્ડેટ કાયદેસરની દેવુ/જવાબદારી પરિપુર્ણ કરવા માટે અપાયેલ હોય તેવુ માનવાનું રહે છે. ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એક્ટની કલમ ૨૫ તથા નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૯ ના સ્ટેચ્યુટરી પ્રિઝમશન cogent & convincing એવીડન્સથી રીબર્ટ કરવાની જવાબદારી આરોપીની છે અને તે માટે આરોપીએ સ્પષ્ટ અને વિશ્વસનીય માન્ય રાખી શકાય તેવો ખંડનાત્મક પુરાવો આપવો જોઈએ તેવી જ રીતે નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા **એ.આઈ.આર. ૨૦૧૫ એસ.સી. ૨૨૪૦ ઉપર પ્રસિધ્ધ થયેલ ટી. વસંથાકુમાર વિ. વિજયકુમારી**ના ચુકાદામાં જયારે ચેક તથા સહી આરોપીએ સ્વીકૃત કરેલ હોય ત્યારે ચેક કોઈ કાયદેસરનુ લેણુ કે જવાબદારી માટે આપવામાં આવેલ નથી તેવુ પુરવાર કરવાની જવાબદારી આરોપીની છે. આ કામના આરોપીએ એન.આઈ. એકટની કલમ ૧૧૮,૧૩૯ મુજબના ફરિયાદીની તરફેણના અનુમાનોને રીર્બટ કરતો સંતોષકારક પુરાવો રજુ કરેલ નથી અને અનુમાનોનું ખંડન કરેલ નથી. આ સંજોગોમાં આરોપીએ ફરિયાદીને આપેલ **આંક- ૧૨** નો ઇ.સી.એસ. મેન્ડેટ ફરિયાદી કંપનીને કાયદેસરની લેણી થતી રકમ પેટે આપેલ હોવાનું પુરવાર માનવામાં આવે છે અને **આંક- ૧૪** ના રીર્ટન મેમોથી સદર ઇ.સી.એસ. પેમેન્ટ પરત ફરેલ હોય અને માંગણી નોટીસ આપ્યા છતા ફરિયાદીને આરોપીએ નાંણા ચુકવેલ નથી. ધી પેમેન્ટ એન્ડ સેટેલમેન્ટ સિસ્ટમ એક્ટની કલમ ૨૫ તથા નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના તમામ તત્વો સાબિત થતા હોય, આરોપીએ ધી પેમેન્ટ એન્ડ સેલેટમેન્ટ સિસ્ટમ એક્ટની કલમ ૨૫ હેઠળનો શિક્ષાપાત્ર ગુનો આચરેલો છે જેથી મુદ્દા

નં.૧ નો જવાબ 'હકારમાં' આપવામાં આવેલ છે.

**મુદ્દા નં. ૨:**

મુદ્દા નં.૧ ના નિર્ણયને આધીન મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**-: હુકમ :-**

આ કામના આરોપી **કન્હૈયા લાલને** ધી પેમેન્ટ એન્ડ સેલેટમેન્ટ સિસ્ટમ એક્ટની કલમ ૨૫ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ફોજદારી કાર્યરિતિ સંહિતા, ૧૯૭૩ની કલમ ૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીને સજા કરતાં અગાઉ તે સં દર્ભે સાંભળવા જરૂરી જણાતું હોય આરોપીને સજા અંગે સાંભળવા ચુકાદો મુલતવી રાખવામાં આવે છે.

આ હુકમ આજ તા. ૨૦ મી, માહે- મે, સને- ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૦ / ૦૫ / ૨૦૨૬

(નાગદાનભાઈ કે. ડાભી)
૯ માં, એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
ને.ઈ.એક્ટ, કોર્ટ નં.૩૧, અમદાવાદ (શહેર)
(GJ01030)

**<u>સજા બાબતે સાંભળ્યા બાદનો હુકમ</u>**

(૧) હાલના કામે સજા બાબતે ફરીયાદી તરફે વકીલશ્રી હાજર હોય ફરીયાદપક્ષ તરફે તેમની રજુઆત છે કે, આ કામના આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણાં ચુકવેલ નથી. આરોપીની કસુરના કારણે ફરીયાદીને હાલની ફરીયાદ કરી સમગ્ર કાર્યવાહીમાં ભાગ લેવાની ફરજ પડેલ છે. જેથી આરોપીને મહત્તમ સજા કરી, ફરીયાદીને થયેલ નાણાંકીય નુકશાન સંદર્ભે વળતર અપાવવા અરજ ગુજારેલ છે. જયારે આરોપી કે તેમના વકીલશ્રીનો પોકાર કરાવવા છતાં કોઈ હાજર નથી.

(૨) આમ, જયારે આજ રોજ ચુકાદો જાહેર થવાના દિવસે પણ આરોપી સજાના પ્રમાણ અંગે કોઈ રજુઆત કરવા માટે અદાલતમાં હાજર રહેલ નથી. આ ઉપરાંત હાલનો કેસ વોરંટ ટ્રાયેબલ ન હોય, તેથી આરોપીની દોષિત ઠરાવ્યા બાદ સજાના પ્રમાણ અંગે સાંભળવા જરુરી પણ નથી. તેમ છતાં આરોપીની ગેરહાજરીમાં આરોપીને દોષિત ઠરાવાનો અને તેને સજા કરતો હુકમ કરવો ન્યાયોચિત કહી શકાય કે કેમ ? તે અંગે ચર્ચા કરવામાં આવે તો સૌ પ્રથમ તો નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના ***<u>Sharad Jethalal Savla Versus State Of Gujarat (2017 (3) GLR 2353)</u>***ના ચુકાદાના પેરા નં.૨૨ અને ૨૫ ધ્યાને લેવા જરુરી છે.

> ***(22.)*** *So far as the first question is concerned as regards the pronouncement of the judgment and order of conviction and sentence in the absence of the applicant accused, I am of the view that no illegality could be said to have been committed by the trial Court.*
>
> ***(25.)*** *However, the judgment that the learned Magistrate may pronounce in the absence of the accused by itself will not vitiate the judgment. Subsection (7) of Section 353 of the Cr.P.C. clearly lays down that no judgment delivered by any criminal court shall be deemed to be invalid by reason only of the absence of any party.*

આમ, આ કેસની ઉપર ચર્ચા કર્યા મુજબની હકીકત અને નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતને ધ્યાને લઈ આરોપીની ગેરહાજરીમાં

આરોપીને દોષિત ઠરાવતો ચુકાદો જાહેર કરવો અને આરોપીને સજા કરવી ન્યાયોચિત જણાઈ આવે છે.

(૩) આમ, આરોપીની જવાબદારી,ગુન્હાનો પ્રકાર અને ગુન્હાનુ સ્વરુપ લક્ષમાં લેતાં, આરોપી ધી ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એક્ટની કલમ ૨૫ ના ગુન્હામાં તકસીરવાન ઠરેલ છે ત્યારે સજા અંગે વિચાર કરતાં બે વર્ષની સજાની જોગવાઈ છે તેમજ ઇ.સી.એસ. મેન્ડેટની રકમ કરતા બમણી રકમ જેટલો દંડ કરવાની પણ જોગવાઈ છે, હાલના વર્તમાન યુગમાં નાણાંકીય વ્યવહારો રોકડ રકમના બદલે ઇ.સી.એસ. મેન્ડેટ તથા ચેકથી પક્ષકારોના એકબીજાના વિશ્વાસથી થતા હોય છે એટલે કોઈ પ્રકારના કાનુની દેવાની ચુકવણી પેટે જયારે કોઈ વ્યકિત બીજી વ્યકિતને ઇ.સી.એસ.મેન્ડેટ/ચેક જેવા કિંમતી રોકડ રકમની અવેજીમાં ચલણ અથવા ઈન્સ્ટ્રુમેન્ટ આપતી હોય ત્યારે તેની એ જવાબદારી છે કે, તે નાણાંની ચુકવણી થવી જોઈએ અને તે પ્રકારની કાળજી લેવી જોઈએ. જો ઈ.સી.એસ. મેન્ડેટ આપતા આવી કાળજીના અભાવે અથવા ઈરાદાપુર્વક છેતરપીંડી કરવાના કારણે આવો વિશ્વાસ ભંગ થાય અને ઈ.સી.એસ. મેન્ડેટ પાછો પડે તો નાણાંકીય વ્યવહારો ખોરવાઈ જાય. આ તમામ સંજોગો રોકવા માટે ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એક્ટની કલમ ૨૫ ની જોગવાઈ કરેલ છે. આ તમામ બાબતોને ઘ્યાનમાં લેતા જે તે વ્યકિતએ પોતાના કાનુની લેણાંની વસુલાત માટે ઇ.સી.એસ. મેન્ડેટ/ચેકથી પૈસા મેળવવાનો પ્રસંગ પડેલ હોય તેને તે ઇ.સી.એસ. મેન્ડેટ/ ચેક આપનારની વિશ્વસનિયતાના અભાવે વેઠવુ પડેલ હોય અને ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એક્ટની કલમ ૨૫ નુ પાલન કરેલ હોય અને નોટીશ આપવા છતા આરોપી તેમાં નિષ્ફળ નિવડેલ હોય કે કસુર કરેલ હોય

ત્યારે સ્વાભાવિક પણે ફરિયાદીને આરોપી વિરુધ્ધ ફરિયાદ કર્યા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી, અને તેને કાનુની ગુચમાં, આંટી ઘુટીમાં પડવુ પડે છે આમ આરોપીના આવા કૃત્યના પરિણામે છેવટે ફરિયાદીને બનવુ પડે છે એટલે આરોપીને માત્ર સજા કરવાથી વિકટીમને સંતોષ ઓછો થતો નથી અને નાણાંકીય સ્થિતિમાં પણ ખોટ ભરપાઈ થતી નથી, જેથી ફરિયાદીને આર્થીક નાણાંકીય વળતર અપાવવુ જોઈએ તેવુ માનુ છુ તેમજ આરોપીને ઉપરોકત હકિકતે ચર્ચા કર્યા મુજબ હાલના કેસમાં મહત્તમ બે વર્ષની સજા કરી શકાય તેમ છે અને આવા ગુન્હામાં આરોપીનો ગુન્હો કરવાનો કોઈ ઈરાદો હોતો નથી પરંતુ પોતાની આર્થીક સ્થિતિને કારણે મજબુરીમાં પણ જાણે અજાણે આવો ગુન્હો કરી બેસતો હોય છે તેમજ હાલના કેસના સંજોગોને ધ્યાનમાં લેતા આરોપીને પ્રોબેશનનો લાભ આપી શકાય નહીં, આમ પ્રોબેશન ઓફ ઓફેન્ડર એકટની કલમ–૩,૪ કે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૦ મુજબ આરોપીને લાભ આપવા પાત્ર કેસ નથી. આ તમામ સંજોગો ધ્યાને લેતાં આરોપીને, સજાની સાથે ફરીયાદીને વળતર આપવુ પણ ન્યાયી અને વ્યાજબી જણાતુ હોય જેથી મુદ્દા નં.ર ના જવાબ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**–: આખરી હુકમ :–**

૧. આ કામના આરોપી **કન્હૈયા લાલને** ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એકટની કલમ ૨૫ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ક્રિમીનલ પોસીજરકોડ,૧૯૭૩ ની કલમ ૨૫૫ (૨) અન્વયે તકસીરવાન ઠરાવી **એક (૧)** વર્ષની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે. આરોપીને આ ગુના સબબ કોઈ અલાયદો દંડ કરવામાં આવતો નથી.

૨. ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ ૩૫૭(૩) અન્વયે આરોપીને એવો આદેશ કરવામાં આવે છે કે, તેમણે આ કામના તકરારી રિટર્ન થયેલ

ઈ.સી.એસ. મેન્ડેટની રકમ રૂા. **૯૮,૬૪૨/- (અંકે રૂપિયા અઠ્ઠાણુ હજાર છસો બેતાલીસ પુરા)** આ કામના વળતર તરીકે આ હુકમ તારીખ થી દિન-૬૦ મા ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે. જો આરોપી આ રકમ દિન-૬૦ મા ફરીયાદીને ચુકવી ના આપે તો આ કામે આરોપીને **વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા** ફરમાવવામાં આવે છે.

૩. આરોપીના જામીનખત તથા જાતમુચરકા આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આરોપી આજરોજ નામ.અદાલતમાં હાજર ન હોય, આરોપી વિરૂધ્ધ સજાના અમલ માટે વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે

૫. આરોપી હાજર થયેથી ક્રિમિનલ પ્રોસિઝર કોડની કલમ-૩૬૩ અન્વયે ચુકાદાની એક નકલ વિનામૂલ્યે તાત્કાલીક પુરી પાડવી.

હુકમ આજરોજ તા. ૨૦ મી માહે: મે સને : ૨૦૨૬ ના રોજ મારી સહી કરીને ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૦/૦૫/૨૦૨૬

(નાગદાનભાઈ કે. ડાભી)
૯ માં, એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
ને.ઈ.એકટ, કોર્ટ નં.૩૧, અમદાવાદ (શહેર)
(GJ01030)